મૈયા મોરી, મૈં નહીં માખન ખાયો... જન્માષ્ટમી હાથવેંતમાં છે ને શ્રીકૃષ્ણ સાથે સંકળાયેલા ઉત્સવોની ધૂમ મચી છે. કીડ્સ વર્લ્ડ ખાતે બાળકોને આ ઉજવણીમાં જોડીને શ્રીકૃષ્ણની સાથે સંકળાયેલા આવા જ એક કાર્યક્રમ - મટકી ફોડનું આયોજન કરવામાં આવ્યું હતું. **(તસવીર : દિપક જાની)**

પાઠયપુસ્તક મંડળ દ્વારા ૧૦ ટકા વધારે પુસ્તકો અધિકૃત કરીને બજારમાં વેચાણ માટે મુકાયા છે

ઈ.ડી.એન. યોજના હેઠળના ધોરણ-૯ થી ૧૨ના પાઠયપુસ્તકો જિલ્લા કક્ષાએ મોકલી આપવામાં આવેલ છે

ગાંધીનગર, તા.૭

નિયામક ગુજરાત રાજય શાળા પાઠયપુસ્તક મંડળ, ગાંધીનગરની યાદીમાં જણાવાયું છે કે, ધોરણ-૧ થી પના પાઠયપુસ્તકો આગામી શૈક્ષણિક સત્ર જુન ૨૦૧૩થી નવા અભ્યાસક્રમ મુજબ અમલમાં આવનાર છે. મંડળ દ્વારા રાજય સરકારની વિના મૂલ્ય યોજના હેઠળ મોકલવાના થતાં પાઠયપુસ્તકોની માંગણી કરતાં ૧૦ ટકા વધુ પાઠયપુસ્તકોનું છાપકામ પ્રતિવર્ષ કરવામાં આવે છે. વિનામૂલ્યના પડતર રહેલાં પાઠયપુસ્તકો આગામી શૈક્ષણિક સત્રથી રદ થતાં હોઈ અને મંડળ પાસે કિંમતવાળા પાઠયપુસ્તકોનો સ્ટોક ઉપલબ્ધ ન હોવાથી મંડળ દ્વારા નિયમોનુસાર કાર્યવાહી કરી ધોરણ-૩ થી પના ૫૦૦૦ નકલો ઉપર કિંમતવાળા સિક્કા લગાવી બજારમાં વેચાણ અર્થે મૂકવામાં આવેલ છે. જેનાં કારણે સરકારશ્રીના નાણાંનો બચાવ થયેલ છે.

યાદીમાં વધુમાં જણાવાયું છે કે, ધોરણ-૬ થી ૮ ચૈકી ધોરણ-૮ના પ્રથમસત્રના પાઠયપુસ્તકો ચાલુ શૈક્ષણિક સત્ર જુન ૨૦૧૨ નવા અભ્યાસક્રમ મુજબ અમલમાં આવેલ છે. મંડળ દ્વારા કિંમતવાળા પાઠયપુસ્તકોનું પુરતી સંખ્યામાં છાપકામ કરવામાં આવેલ હતાં. પરંતુ, વેચાણ વધવાને કારણે અને મંડળ પાસે વિના મૂલ્યે યોજના હેઠળ સર્વ શિક્ષા અભિયાન હેઠળના પાઠયપુસ્તકોનું છાપકામ માંગણી કરતા વધુ છાપકામ કરવામાં આવેલ હતું. મંડળ દ્વારા સર્વ શિક્ષા અભિયાન હેઠળનાં તેઓની માંગણી મુજબના તમામ પાઠયપુસ્તકો મોકલી આપવામાં આવેલ છે. મંડળ પાસે ૧૦ટકા વધારે છાપકામ કરેલાં પડતર પુસ્તકો વેચાણ માટે અધિકૃત કરીને બજારમાં મુકવામાં આવેલ હતાં. આમ, મંડળ દ્વારા બજારમાં વેચાણ અર્થે મુકવામાં આવેલ પાઠયપુસ્તકોની માલિકી મંડળની રહે છે. આ અંગે મંડળ દ્વારા નિયમોનુસાર કાર્યવાહી કરવામાં આવેલ છે.

મંડળ દ્વારા ધોરણ-૧ થી ૮ના વિનામૂલ્ય યોજના હેઠળનાં પાઠયપુસ્તકોનાં ૬૫,૦૦,૨૩૦ સેટસ તથા કિંમતવાળા ૨૬,૨૫,૦૦૦ સેટસ પુરા પાડવામાં આવેલ છે. આ ઉપરાંત ધોરણ-૯ થી ૧૨ ના ઈ.ડી.એન. યોજના હેઠળના ૭૨,૨૩૦ સેટસ તથા કિંમતવાળા ૯,૯૦,૦૦૦ સેટસ પુરા પાડવામાં આવેલ છે. રાજય સરકારની વિનામૂલ્યે યજના હેઠળના ધોરણ-૧ થી ૮ના તમામ પાઠયપુસ્તકો જે તે તાલુકા કક્ષાએ મોકલી આપવામાં આવ્યા છે. ઈ.ડી.એન. યોજના હેઠળના ધોરણ-૯ થી ૧૨ના પાઠયપુસ્તકો જિલ્લા કક્ષાએ મોકલી આપવામાં આવેલ છે. આ ઉપરાંત રાજયના તમામ જિલ્લા વિતરકોની માંગણી મુજબના કિંમતવાળા પાઠયપુસ્તકો પુરા પાડવામાં આવેલ છે.

હોટલોમાં રોકાણ માટે ફરજિયાત ઓળખકાર્ડ આપવા આદેશ

જાહેરનામાનો ભંગ કનાર સામે કાર્યવાહી કરાશે

ગાંધીનગર, તા.૭

સુરક્ષા અને સલામતીને અનુલક્ષી જિલ્લાની હોટલોમાં રોકાણ કરનારાઓએ ફોટો ઓળખકાર્ડ સહિતની હકીકત રજૂ કરવી પડશે. જયારે આ મામલે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પણ પ્રસિધ્ધ કરવામાં આવ્યું છે. જાહેરનામાનો ભંગ કરનાર સામે કાર્યવાહી કરવામાં આવશે.

વર્ષ ૨૦૦૮ દરમિયાન અમદાવાદ અને મુંબઈ શહેરમાં થયેલા આતંકવાદી હુમલાના અનુસંધાને વાહન, હોટલ-ટ્રાન્સપોર્ટ કંપનીના ગોડાઉન સહિતની સંવેદનશીલ જગ્યાઓ પર સુરક્ષા અને સલામતી જાળવવા પોલીસ તંત્રની કામગીરી અસરકારક બનાવવા અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જરૂરી મુદ્દાઓને અનુલક્ષી જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેઅન્વયે ગાંધીનગર જિલ્લામાં હોટલો તેમજ ગેસ્ટ હાઉસમાં આવતા દરેક મુસાફરોએ પોતાની સંપૂર્ણ ઓળખ ટેલીફોન, મોબાઈલ નંબર ઉપરાંત મુસાફરના પરિચિત સગાનું નામ પણ રજીસ્ટરમાં નોંધવામાં આવે તેવી જોગવાઈ કરવામાં આવી છે. આ પ્રકારની નોંધણી હોટલોના સંચાલકોને ફરજિયાત પણે કરવા પણ સૂચના આપવામાં આવી છે. વધુમાં જિલ્લાની હદમાં સ્થિત હોટલો અને ગેસ્ટહાઉસોનું લાયસન્સ હોલ્ડર માલિક સિવાય અન્ય કોઈએ સંચાલન ન કરવા પણ જણાવાયું છે. જિલ્લાની હોટલોમાં રોકાણ કરનારા મુસાફરોએ ફોટો ઓળખ કાર્ડ પણ રજૂ કરવાનું રહેશે. જાહેરનામાનો ભંગ કરનાર સામે કાર્યવાહી કરવામાં આવશે.

જિલ્લામાંથી ૧૩ પોલીસ સબ ઈન્સ્પેકટરોની બદલી કરાઈ

ગાંધીનગર, તા.૭

ગુજરાત વિધાનસભાની આગામી ચૂંટણીને ધ્યાને લઈ આદર્શ આચાર સંહિતાની અમલવારીને અનુલક્ષી રાજયના ૬૫૧ પોલીસ સબ ઈન્સ્પેકટરોની બદલી કરવામાં આવી છે. રાજયના પોલીસ મહાનિર્દેશક ચિતરંજન સિંઘે કરેલા આદેશ અન્વયે ગાંધીનગર જિલ્લામાં ફરજ બજાવતા ૧૩ પોલીસ સબ ઈન્સ્પેકટરોની પણ બદલી કરવામાં આવી છે. જેના પરિણામે જિલ્લાના પોલીસ તંત્રમાં પણ નોંધપાત્ર ફેરફાર થયો છે.

પી.એસ.આઈ.નું નામ	કયાંથી	કયાં
કુંભાણી ચંદુભાઈ મોહનલાલ	ગાંધીનગર	પોરબંદર
જાડેજા વિરાજસિંહ જનકસિંહ	ગાંધીનગર	કચ્છ પૂર્વ
ટેલર અબ્દુલ સત્તાર કરીમભાઈ	ગાંધીનગર	નર્મદા
મકવાણા પરસોત્તમભાઈ જીવાભાઈ	ગાંધીનગર	રાજકોટ શહેર
ચૌહાણ વિનુભાઈ રણછોડભાઈ	ગાંધીનગર	વડોદરા શહેર
પરમાર જગદીશભાઈ હીરાલાલ	ગાંધીનગર	રાજકોટ શહેર
મલેક ફરીદમિયા સરકુમિયા	ગાંધીનગર	વડોદરા શહેર
શુકલા રાજેન્દ્રકુમાર જગદીશચંદ્ર	ગાંધીનગર	રાજકોટ શહેર
ખાંટ જયંતિભાઈ નાનજીભાઈ	ગાંધીનગર	વડોદરા શહેર
ખરાડી ચંદનસિંહ કમજીભાઈ	ગાંધીનગર	રાજકોટ શહેર
કોટવાલ મગનભાઈ સાંજાભાઈ	ગાંધીનગર	વડોદરા શહેર
પાટણવાડિયા વિનુભાઈ સી.	ગાંધીનગર	અમદાવાદ શહેર
રબારી ઓઘારભાઈ મફતભાઈ	ગાંધીનગર	વડોદરા શહેર

ગાંધીનગરમાં બદલીથી મુકાયા

પી.એસ.આઈ.નું નામ	કયાંથી	કયાં
પ્રજાપતિ કાન્તિલાલ દામોદરદાસ	આણંદ	ગાંધીનગર
રાણાવત કોદરસિંહ બદનસિંહ	સાબરકાંઠા	ગાંધીનગર
વાઘેલા સહદેવસિંહ બહાદુરસિંહ	ખેડા	ગાંધીનગર
હડુલા મંગુજી ગગાજી	વડોદરા શહેર	ગાંધીનગર
દવે રમેશચંદ્ર મુકુંદરાય	વડોદરા શહેર	ગાંધીનગર
ચૌહાણ નરેશકુમાર કાન્તિલાલ	સુરત શહેર	ગાંધીનગર
પટેલ શાંતિભાઈ કાન્તિલાલ	સુરત શહેર	ગાંધીનગર
રાઠોડ પ્રવિણસિંહ મૂળસિંહ	દાહોદ	ગાંધીનગર
વ્યાસ દિલિપકુમાર શિવશંકર	જામનગર	ગાંધીનગર

માર્ગોની ગુણવત્તા ચકાસવા થર્ડ પાર્ટી ઈન્સ્પેકશન હાથ ધરાશે

ઈન્દિરા બ્રિજને સીક્સ લેન બનાવવા પણ ટેકનિકલ પ્રિ-ઓડીટ થશે

ગાંધીનગર, તા. ૭

કોબા-હાંસાલ-ઈન્દિરાબ્રિજને સિકસલેન બનાવવાનું આયોજન કરી દેવાયું છે. ગીફટસીટી સંદર્ભે હાથ ધરાનારી આ કામગીરી પૂર્વે તંત્ર દ્વારા કામના આયોજન સંદર્ભે ટેકનિકલ પ્રિ. ઓડીટનું કામ હાથ ધરાશે. આ ઉપરાંત જિલ્લામાં નવ નિર્મિત માર્ગોની ગુણવત્તા ચકાસવા પણ ઈન્સ્પેકશનની કાર્યવાહી હાથ ધરાશે.

જિલ્લામાં માર્ગ નવીનીકરણના કામો અન્વયે કરોડાના ખર્ચનું આયોજન કરવામાં આવે છે. શહેરી વિસ્તારમાં માર્ગ નવીનીકરણ કામગીરી સાધી જિલ્લામાં પણ છેલ્લા કેટલાક સમય દરમિયાન માર્ગ સુધારણા હેઠળ મોટાભાગના રસ્તાઓને આવરી લેવામાં આવ્યા છે. જ્યારે ગિફટ સીટીને અનુલક્ષીને પણ ઈન્દિરાબ્રિજને સીકસલેન બનાવવાનું આયોજન કરવામાં આવ્યું છે. આ કામગીરીને અનુલક્ષી કરોડોના ખર્ચનું આયોજન કરવામાં આવ્યું છે. જેને અનુલક્ષી કામગીરી પૂર્વે ટેકનીકલ પ્રિ-ઓડીટ હાથ ધરવામાં આવનાર છે. ટેકનીકલ ઓડીટ માટે પણ રૂ. ૧૬ લાખનો ખર્ચ કરવામાં આવશે. આ ઉપરાંત

સે. ૬માં ઝૂંપડાં દૂર નહીં થાય તો વેરાનો બહિષ્કાર

દબાણતંત્ર બિનઅસરકારક પૂરવાર થતાં રહીશોમાં આક્રોશ

ગાંધીનગર, તા. ૭

સે. ૬માં દબાણના મામલે વિવાદનો મધપૂડો છંછેડાયો છે. કડીયાનાકા વિસ્તારમાં લારી-ગલ્લા સહિત ઝૂંપડાઓના દબાણની સમસ્યા જટીલ બનતા સ્થાનિક રહીશો પણ આક્રમક મૂડમાં છે. આવા સંજોગોમાં સમયાંતરે લટાર મારતા દબાણતંત્રની બિનઅસરકારક કામગીરી સામે પણ રહીશો આગ બબૂલા બન્યા છે. અનેક રજૂઆતો બાદ પણ દબાણ હટાવ ઝૂંબેશ સફળ ન બનતા સે. ૬ના સ્થાનિક રહીસોએ હવે આ મામલે કોર્પોરેશનના વેરાનો પણ બહિષ્કાર કરવાની ચિમકી ઉચ્ચારી છે.

નગરના પ્રવેશદ્વારથી નજીકના અંતરે સ્થિત ૬-૨ વિસ્તારમાં અડીંગો જમાવતા દબાણના લીધે સ્થાનિક રહીશો માટે મુંઝવણભરી સ્થિતિનું નિર્માણ થયું છે. આ વિસ્તારમાં લારી-ગલ્લા સહિત ઝૂંપડાના દબાણો વધતા ખદબદતી ગંદકી વચ્ચે રહેણાંક વિસ્તારમાં રહીશોએ ગુંગળામણ વેઠવાનો વારો આવ્યો હોવાનો સૂર ઉઠવા પામ્યો છે. ઝૂંપડા દબાણથી તોબા પોકારેલા સેકટરના જાગૃત નાગરિકોએ સરકારના દ્વારે દસ્તક દીધા પછી પણ તંત્રકક્ષાએથી દબાણ હટાવવાની નક્કર કામગીરી થઈ નથી. આ મામલે મંત્રીકક્ષાએથી પણ દબાણ દૂર કરવાના આદેશના અંતે પણ સ્થળ પર દબાણોનો અડીંગો યથાવત સ્થિતિમાં છે. આવા સંજોગોમાં રોષે ભરાયેલા સ્થાનિક રહીશો પણ લડાયક મૂડમાં આવી ગયા છે. લાંબા સમયના અંતે પણ સમસ્યાનું નિરાકરણ ન આવતા સ્થાનિક રહીશો હવે કોર્પોરેશનના વેરાનો બહિષ્કાર કરશે. રહીશોના જણાવ્યા મુજબ ટૂંકમાં જ ઝૂંપડા દૂર નહીં થાય તો વેરાનો બહિષ્કાર કરવામાં આવશે.

ફોર્મ ટેન્ડર નોટીસ
વર્ષ-૨૦૧૨-૧૩
ગાંધીનગર મહાનગરપાલિકા
બહુમાળી ભવન, ત્રી ફ્લોર, ઘમ માર્ગ, સેક્ટર-૧૧, ગાંધીનગર

ગાંધીનગર મહાનગરપાલિકા કચેરી માટે નીચે દર્શાવ્યા મુજબના કામ માટે અનુભવી અને પ્રતિષ્ઠિત એજન્સીઓ પાસેથી કરાયેલ ટેન્ડરમાં ભાવો મંગાવવામાં આવે છે.

ટેન્ડર નંબર	કામનું નામ	ટેન્ડરફોર્મની કિંમત	ઈએમડી ની રકમ
૧૮	સિવરીંગ સંગેનું કામ	૨૫૦/-	૧૦૦૦/-
૧૯	રહેણાકની સંગેનું કામ	૨૫૦/-	૧૦૦૦/-

ટેન્ડર ફોર્મ તા.૪-૮-૨૦૧૨ થી તા.૧૪-૮-૨૦૧૨ સુધી સમય ૧૪-૦૦ કલાક સુધી જાહેર રજાના દિવસો સિવાય કચેરીની ત્રિજાડી શાખામાં ટેન્ડર ફોર્મ ઉપર જણાવેલ જુદી જુદી રૂ.૨૫૦-૦૦ ની જમા કરાવીને મળી શકશે અને ભરી શકાશે ટેન્ડર ફોર્મ સાથે (ઈએમડી) રૂ.૧૦૦૦-૦૦ ડીમાંડ ડ્રિફ્ટ રાખવાની રહેશે ટેન્ડર ઉપર કામનું નામ સ્પષ્ટ દર્શાવવાનું રહેશે. તમામ ભરાઈ આવેલ ટેન્ડર તા. ૧૪-૮-૨૦૧૨ ના સમય ૧૬-૦૦ કલાક સુધીમાં કચેરીએ સ્વીકારવા પોસ્ટથી મોકલવાના રહેશે સમયમર્યાદામાં મળેલ ટેન્ડરની જ ખોલવા તા.૧૪-૦૮-૨૦૧૨ ના રોજ સમય ૧૪-૦૦ કલાકે ખોલવામાં આવશે.

સહી/-
સ્થળ : ગાંધીનગર — મ્યુનિસિપલ કમિશ્નર
તા : ૦૪-૦૮-૨૦૧૨ — ગાંધીનગર મહાનગરપાલિકા

પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે સેકટર-૨૩ ખાતે સ્થિત જ્યોતિશ્વર મહાદેવ મંદિર ખાતે ચોખાનું શિવલીંગ બનાવી તેનું પુજન કરવામાં આવ્યું હતું. **(તસવીર : દિપક જાની)**

ધોરણ ૧૨ બોર્ડ પૂરક પરીક્ષાનું ૫૬.૧૧ ટકા પરિણામ જાહેર

૬૬૮૩૮માંથી વિજ્ઞાનમાં ૧૪૦૫૫, સામાન્ય પ્રવાહમાં ૩૭૧૨૩ પાસ : ચકાસણી અરજી ૧૪ સુધી સ્વીકારાશે

અમદાવાદ, તા.૭

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા જુલાઈ - ૨૦૧૨માં લેવાયેલી ધો.૧૨ બોર્ડની વિજ્ઞાન પ્રવાહ, સામાન્ય પ્રવાહ,ઉ.ઉ.બુ.પ્રવાહ અને વ્યવસાયલક્ષી પ્રવાહની પૂરક પરીક્ષામાં કુલ ૬૬૮૩૮ વિદ્યાર્થીઓમાંથી ૩૭૫૦૫ વિદ્યાર્થીઓ પ્રમાણ પાત્ર મેળવવાને પાત્ર (પાસ) થતાં એકંદરે ૫૬ટકા પરિણામ આવ્યું છે. બોર્ડ દ્વારા લેવાયેલી પૂરક પરીક્ષામાં વિજ્ઞાન પ્રવાહમાં કુલ ૨૩૫૫૧ વિદ્યાર્થીઓ પરીક્ષામાં બેઠા હતા. જેમાંથી ૧૪૦૫૫ વિદ્યાર્થીઓ પાસ થતાં એકંદરે પરિણામ ૫૯.૬૮ ટકા પરિણામ આવ્યું છે. વિજ્ઞાન પ્રવાહમાં ગેરરિતીના કુલ ૭ કેસ નોંધાયા હતાં.વિજ્ઞાન પ્રવાહમાં વિદ્યાર્થીઓ ૯૧૪૬ અને વિદ્યાર્થીનીઓ ૪૯૦૯ પાસ થયા છે. વિજ્ઞાન પ્રવાહમાં ગુપવાર પ્રમાણે જોઈએ તો એ ગ્રુપમાં ૮૪૧૨, બી ગ્રુપમાં ૫૬૧૩, અને એબી ગ્રુપમાં ૩૦વિદ્યાર્થીઓ પાસ થયા છે. આવી જ રીતે ધો.૧૨ સામાન્ય પ્રવાહમાં કુલ ૬૬૧૬૧ વિદ્યાર્થીઓમાંથી કુલ ૩૭૧૨૩ વિદ્યાર્થીઓ પાસ થતાં ૫૬.૧૧ ટકા પાસ થયા છે. જ્યારે ઉ.ઉ.બુ.પ્રવાહમાં ૪૩૯માંથી ૨૩૧ વિદ્યાર્થીઓ પાસ થતાં ૫૨.૬૨ ટકા અને વ્યવસાયલક્ષી પ્રવાહમાં ૨૩૮માંથી ૧૫૧ વિદ્યાર્થીઓ પાસ થતાં ૬૩.૪૫ ટકા પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. બોર્ડ દ્વારા જણાવાયું છે કે જે વિદ્યાર્થીઓ ગુણ ચકાસણી કરાવવા ઈચ્છતા હોય તેવા વિદ્યાર્થીઓએ ગુણચકાસણી-ની અરજી તા. ૧૪મી ઓગસ્ટ સુધીમાં શાળા મારફતે અરજી કરવાની રહેશે. આ પછી અરજી સ્વીકારવામાં આવશે નહી.

આજે મજપા ગુજરાત પરિવર્તન પાર્ટીમાં ભળશે

કેશુભાઈ દ્વારા આજે વિવિધ કાર્યક્રમોની જાહેરાત : નવી પાર્ટીની રચના કરનાર કેશુભાઈ પટેલના નેતૃત્વમાં સપ્ટેમ્બરમાં પરિવર્તન યાત્રા યોજી લોકોનો સંપર્ક કરાશે

ગાંધીનગર, તા.૭

પૂર્વ મુખ્યમંત્રી કેશુભાઈ પટેલ દ્વારા નવરચિત ગુજરાત પરિવર્તન પાર્ટીમાં મહાગુજરાત પાર્ટીને આવતીકાલે મર્જ કરીદેવામાં આવે એવી શક્યતા છે. તથા ગુજરાત પરિવર્તન પાર્ટીના અધ્યક્ષ કેશુભાઈ પટેલ દ્વારા આગામી વિધાનસભાની ચૂંટણીને અનુલક્ષીને વિવિધ કાર્યક્રમોની જાહેરાત પણ કરવામાં આવશે. સૂત્રોના જણાવ્યા મુજબ પૂર્વમુખ્યમંત્રી કેશુભાઈ પટેલે ભાજપ સાથે છેડો ફાડ્યા બાદ સોમવારે ગુજરાત પરિવર્તન પાર્ટીની રચના કરી હતી. આ સમયે મહાગુજરાત જનતાપાર્ટીના અધ્યક્ષ ગોરધન ઝડફિયા ઉપસ્થિત રહ્યા હતા. અને બે-ત્રણ દિવસમાં જ મજપા ગુજરાત પરિવર્તન પાર્ટીમાં મર્જ થઈ જશે તેવી જાહેરાત પણ કરવામાં આવી હતી. આવતીકાલે બુધવારે કેશુભાઈ પટેલ અને ગોરધન ઝડફિયા દ્વારા પત્રકાર પરિષદ બોલાવવામાં આવી છે.

જેમાં મહાગુજરાત જનતા પાર્ટીને ગુજરાત પરિવર્તન પાર્ટીમાં મર્જ કરી દેવાની વિધિવત જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા છે. આ ઉપરાંત ગુજરાત વિધાનસભાની ડીસેમ્બરમાં યોજાનારી ચૂંટણીને અનુલક્ષીને ગુજરાત પરિવર્તન પાર્ટી દ્વારા ચૂંટણીલક્ષી વિવિધ કાર્યક્રમોની જાહેરાત પણ કરવામાં આવશે. જેમાં કેશુભાઈ પટેલની પરિવર્તન રથયાત્રા સપ્ટેમ્બરમાં યોજાશે. કેશુભાપા પરિવર્તન રથયાત્રાનું નેતૃત્વ કરશે. રથયાત્રા ગામડાઓ અને નગરોમાં જઈને નરેન્દ્ર મોદીના સરમુખત્યાર શાહીમાંથી ગુજરતને મુક્ત કરાવવા મતદારોને અપીલ કરાશે.

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન-૨૩૨૨૨૫૭૧, ૨૩૨૩૭૫૭૧

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
એપોલો/બીરલા/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
BIRLA TYRES
તમામ સાઈઝના સ્ટોરેજના ટાયર-ટ્યૂબ ઉપર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે

SANGHI CEMENT · KisaN · TMT BARS - ISI · SANGHI STEEL - ISI · BENELAVE · H.FIXIT · TATA · ashirvad · C. PVC, UPVC
STEEL • PIPES • SHEETS
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૬૫૭૨૨૬૨૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com